| | | | |
|---|---|---|---|
| રજુ તારીખઃ | ૧૨–૧૦–૨૦૨૨ | | |
| દાખલ તારીખઃ | ૧૨–૧૦–૨૦૨૨ | | |
| ફેંસલ તારીખઃ | ૨૬–૦૯–૨૦૨૩ | | |
| **અવધિઃ** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૦** | **૧૧** | **૧૪** |

**મ્હે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની અદાલતમાં,મુ.નલીયા–કચ્છ.**

**ફોજદારી કેસ નં.૮૮૨/૨૦૨૨**
**આંકઃ–૦૯/બી**

શ્રી સરકાર ...**ફરીયાદી.**

**વિરુદ્ધ**

**ચતુરસિંહ ગેમરસિંહ સોઢા,**
ધર્મેઃ હિન્દુ, ઉ.વ.૩૭, વ્યવસાયઃ ખેતી,
રહે.કંકાવટી, તા.અબડાસા–કચ્છ. ...**આરોપી.**

---

**ગુન્હોઃ–** ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એફ) મુજબ.

---

---

**ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એન.જે.પુજારા.**
**આરોપી પક્ષે વિ.વ.શ્રી એલ.એલ.કટુઆ.**

---

**–:: ચુ કા દો ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૫/૨૦૨૨ ના ગે.કા. રીતે વગર પાસ પરમીટે પોતાના કબ્જાના વાડામાં દેશી દારૂ બનાવવાનો આથો લીટર–૧૦૦ કિ.રૂ.૨૦૦/– નો પ્રોહીબીશનનો મુદ્દામાલ પોતાના કબ્જામાં રાખી, ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની

કલમ–૬૫(એફ) મુજબનો ગુનો કરેલ. જે ગુના સંબંધે પોલીસે આરોપીની ધરપકડ કરી, ઉપરોક્ત મુદ્દામાલ વિગતવારનું પંચનામું કરી કબ્જે લીધેલ, અને તપાસના અંતે પોલીસે આરોપી વિરુદ્ધ હાલનું આંક–૧ વાળું ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીને સમન્સની બજવણી થતાં કોર્ટમાં હાજર થયેલ આરોપીને ચાર્જશીટની પેપર નકલ આપેલ હોવાની ખરાઈ આંક–૧ જોઈને કરેલ, બાદ આરોપીની ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ મુજબનું આંક–૦૩ થી તહોમતનામું ઘડવામાં આવેલ ત્યારબાદ આંક–૦૪ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર, કરી ઈન્સાફી કાર્યવાહીની માંગણી કરતાં આ કેસમાં ફરીયાદપક્ષ દ્વારા નીચે મુજબના સાહેદ તપાસવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવોઃ–</u>**

| ક્રમ નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ ભરતસિંહ અગરુભા જાડેજાની જુબાની. | ૦૭ |

**<u>દસ્તાવેજી પુરાવોઃ–</u>**

| ક્રમ નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | પંચનામાની ખરી નકલ. | ૦૮ |

(૪) ત્યારબાદ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતું ન હોઈ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી દલીલો માટે હાજર રહેલ નથી તથા બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૫/૨૦૨૨ ના ગે.કા. રીતે વગર પાસ પરમીટે પોતાના કબ્જાના વાડામાં દેશી દારૂ બનાવવાનો આથો લીટર-૧૦૦ કિ.રૂ.૨૦૦/- નો પ્રોહીબીશનનો મુદ્દામાલ પોતાના કબ્જામાં રાખી, ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એફ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં.૧-**

(૮) ફરીયાદ પક્ષે આરોપી વિરુદ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એફ) મુજબનો ગુન્હો કર્યા સબબનો આક્ષેપ છે. આક્ષેપના સમર્થનમાં ફરીયાદપક્ષ તરફથી રેકર્ડ ઉપર રજુ થયેલા પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, સદર કામે પંચોને સમન્સ કરતા રીકવીર પંચનામાના પંચ સાહેદ ભરતસિંહ અગરુભા જાડેજા નાઓ આંક-૦૭ થી હાજર થયેલા છે અને સોગંદ ઉપરના પુરાવામાં સાહેદે "પોલીસે એક તૈયાર પેપર પર સહી કરવાનું કહેતા સહી કરી આપેલ હોવાનું જણાવી પંચનામાં ઉપરની સહી ઓળખી બતાવી માત્ર પોતાની સહી હોવા પુરતો પુરાવો રજુ કરી પંચનામાની તેમની હાજરીમાં પોલીસે કોઈ દેશી દારૂ બનાવવાનો આથો લીટર-૧૦૦ કિ.રૂ.૨૦૦/- નો પ્રોહીબીશનનો

મુદ્દામાલ આરોપીના કબ્જામાંથી કબ્જે કરેલ હોય અને તેનું પંચનામું સદર પંચ સાહેદની હાજરીમાં કરવામાં આવેલું હોવાની કોઈ હકીકતને સાહેદે પુરાવાથી સમર્થન આપેલ નથી. આમ, પંચ સાહેદના પુરાવાથી રીકવરી પંચનામું આંક-૦૮ ની હકીકતો પુરવાર થતી નથી. આમ, સદર કામે અન્ય સાક્ષીઓને તપાસવામાં આવેલ નથી તેમજ અન્ય વધારાના ન તપાસાયેલા સાક્ષીઓને તપાસવામાં આવેલ હોય તો પણ કેસના ગુણદોષ પર કોઈ અસર પડે તેમ નથી.

(૯) આ કામે પંચ સાહેદની જુબાનીથી પંચનામું પુરવાર થયેલ નથી. જેથી રજુ થયેલ ફરીયાદપક્ષના પોલીસ સાહેદોના પુરાવાની હકીકતને સ્વતંત્ર સાહેદ પંચ સાહેદના પુરાવાથી સમર્થન નથી તથા આરોપીના કબ્જામાંથી પ્રોહીબીશનનો મુદ્દામાલ રીકવર થયેલ હોવાનો આક્ષેપ છે તે હકીકત પંચો દ્વારા પુરવાર થયેલ નથી, જેથી આંક-૦૮ નું પંચનામું પુરવાર થયેલ માની શકાય નહિ. તેમજ ફરીયાદપક્ષે ઉપરોક્ત ચર્ચા મુજબના તપાસેલા સ્વતંત્ર સાહેદોએ ફરીયાદીની હકીકતોને સમર્થન આપેલ નથી. ચાર્જશીટ જોતાં અન્ય સાહેદ પણ પોલીસ સાહેદ છે ત્યારે નામદાર સર્વોચ્ચ અદાલતે **''Sh.Satish mehra V/S Delhi Administration & Anr on 31 july,1996 ''** ના ચુકાદામાં કરેલ ઓબ્જર્વેશન ધ્યાને લઈએ તોઃ-

" When the judge is fairly certain that is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date. We are under heavy pressure of work-load.

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતના સદર ઓબ્જર્વેશન અનુસાર હાલના કેસમાં પણ સ્વતંત્ર પંચ સાહેદો એવા માત્ર પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને કોઈ સમર્થન આપ્યુ ન હોઈ અને તેમના મૌખિક પુરાવા અને તેમના થકી ફરીયાદપક્ષ તરફથી પુરવાર કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરતા આ કામના આરોપીને તેમની ઉપરના આક્ષેપિત ગુન્હા અંગે કોઈપણ સંજોગોમાં કસુરવાર ઠરાવી શકાય તેમ ન હોઈ બાકીના સાહેદો કે જેઓ પોલીસ સાહેદો છે અને સાહેદોનો પુરાવો

માત્ર સમર્થનાત્મક મુલ્ય ધરાવે છે અને મુખ્ય પુરાવાની ગેરહાજરીમાં માત્ર સમર્થનાત્મક મુલ્ય ધરાવતા પુરાવા ઉપર આધાર રાખીને પણ હાલના આરોપીને કોઈપણ સંજોગોમાં કસુરવાર ઠરાવી શકાય તેમ ન હોઈ ફરીયાદપક્ષના અન્ય સાહેદો ને હાલના કેસમાં તપાસવામાં આવ્યા નથી અને આમ ઉપરોક્ત ચર્ચા મુજબ ફરીયાદપક્ષે તપાસેલા માત્ર પોલીસ સાહેદો કે જેઓને ફરીયાદીના પરિણામમાં દોષિતસિદ્ધીનો રસ સંકળાયેલો છે તે સાહેદોના પુરાવાને ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી શકાય નહી.

**(૧૦)** આ સંજોગોમાં ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૫/૨૦૨૨ ના ગે.કા. રીતે વગર પાસ પરમીટે પોતાના કબ્જાના વાડામાં દેશી દારૂ બનાવવાનો આથો લીટર–૧૦૦ કિ.રૂ.૨૦૦/– નો પ્રોહીબીશનનો મુદ્દામાલ પોતાના કબ્જામાં રાખેલ હોય. આમ, ફરીયાદપક્ષ પંચનામું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે, જેથી ફરીયાદપક્ષની મૌખિક જુબાની તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો ફરીયાદ હકીકત મુજબનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેવું મારું વ્યાજબીપણે માનવું છે, જેથી હું મુદ્દા નં.૧ નો જવાબ 'નકારાત્મક' ઠરાવું છું અને મુદ્દા નંબરઃ ૨ અંગે મારો નિર્ણય નીચે મુજબ આપું છું.

## <u>– :: હુ ક મ ::–</u>

(૧) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) મુજબ આરોપી **ચતુરસિંહ ગેમરસિંહ સોઢા,** ધર્મેઃ હિન્દુ, ઉ.વ.૩૭, વ્યવસાયઃ ખેતી,રહે.કંકાવટી, તા.અબડાસા–કચ્છ નાઓને ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એફ) મુજબના ગુનાના આરોપમાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરું છું.

(૨) મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

(૩) આરોપીએ સદર કામે આપેલ જામીન ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

*જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,નલીયા–કચ્છ.*

હુકમ આજ **તા.૨૬મી,માહેઃસપ્ટેમ્બર,સને–૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તારીખઃ–૨૬/૦૯/૨૦૨૩
સ્થળઃ–નલીયા–કચ્છ.

**(એ.એમ.શુકલા)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
નલીયા–કચ્છ.
કોડ નં.જી.જે.૦૧૩૬૪

//H.N.B.//